**THE COLLEGE BOARD**

# PSAT™ 8/9 Test Directions Translated into <GUJARATI> for Students

## 2018-2019 Only

**Notes to the Proctor:** This document should be printed and distributed once students are seated.

Students may use this document to read translations of the directions that are read aloud or printed in their test book.

Students may keep this document open and on their desk during the entire testing period.

Students may **not** be given additional time, unless approved as a separate accommodation.

Collect this document from each student at the end of testing and securely destroy it.

© 2018 The College Board. College Board is a registered trademark of the College Board. PSAT is a trademark owned by the College Board. Unauthorized copying or reuse of any part of this document is illegal.

# વિષય-સૂચી

વિદ્યાર્થી માટેની નોંધ ........ 3
1 ટેસ્ટ દિવસના દિશાનિર્દેશો ........ 3
1.1 ટેસ્ટ શરૂ થાય તે પહેલા ........ 3
1.1.1 જવાબ પત્રકનું વિતરણ ........ 5
1.1.2 ટેસ્ટ બુક વિતરણ ........ 7
1.1.3 ટેસ્ટ બુકની માહિતી અને પ્રમાણીકરણ વિધાનને પૂર્ણ કરવા દરમિયાન ........ 7
1.1.3.1 વિશેષ ફોર્મેટની સૂચનાઓ ........ 9
1.1.4 ફ્રંટ કવરનાં દિશાનિર્દેશો ........ 10
1.1.5 પાછલા કવરનાં દિશાનિર્દેશો ........ 11
1.2 સ્ક્રિપ્ટ 1: માનક સમય ........ 12
1.2.1 વિભાગ 1: વાંચન કસોટી ........ 12
1.2.1.1 વિરામ દરમિયાન ........ 13
1.2.1.2 વિભાગ 1 ટેસ્ટ બુકના દિશાનિર્દેશો ........ 13
1.2.2 વિભાગ 2: લેખન અને ભાષા ટેસ્ટ ........ 13
1.2.2.1 વિભાગ *2* ટેસ્ટ બુકના દિશાનિર્દેશો ........ 14
1.2.3 વિભાગ 3: ગણિતની કસોટી – કોઈ કેલ્ક્યુલેટર નહીં ........ 15
1.2.3.1 વિરામ દરમિયાન ........ 16
1.2.3.2 વિભાગ *3* ટેસ્ટ બુકના દિશાનિર્દેશો ........ 16
1.2.4 વિભાગ 4: ગણિતની કસોટી – કેલ્ક્યુલેટર ........ 18
1.2.4.1 વિભાગ 4 ટેસ્ટ બુકના દિશાનિર્દેશો ........ 19
2 ટેસ્ટ પછી ........ 21
**2.1** બરતરફી ........ 21
2.1.1 ટેસ્ટ બુક્સ અને અન્ય ટેસ્ટ સામગ્રી એકત્રિત કરવી ........ 21
2.1.2 સમાપ્ત કરવું ........ 21
2.1.3 જવાબ પત્રકો એકત્રિત કરવા ........ 21
2.1.3.1 વિદ્યાર્થીઓને બહાર કરતા પહેલા ........ 21

# વિદ્યાર્થી માટેની નોંધ

- નીચે આપેલ, તમારા નિરીક્ષક મોટેથી વાંચશે તે દિશાનિર્દેશોનો અનુવાદ છે. આ અનુવાદિત દિશાનિર્દેશો કદાચ તમારા નિરીક્ષક મોટેથી વાંચે છે તેનો શબ્દશઃ અનુવાદ નહીં હોય; તેમ છતાં, પ્રસ્તુત માહિતી સમાન છે. તમારા નિરીક્ષક દ્વારા જે વંચાઈ રહ્યું છે તેના વિશે જો કોઈ પ્રશ્ન હોય, તો કૃપા કરીને તમારો હાથ ઉંચો કરો.
- જો તમારે અનુવાદિત ટેસ્ટ પુસ્તિકાની સૂચનાઓનો સંદર્ભ લેવાની જરૂર હોય, તો તમે અનુવાદિત બોલાયેલ દિશાનિર્દેશો પછી દરેક ટેસ્ટ વિભાગનાં અંતે તેમને શોધી શકો છો.
- તમે સમગ્ર ટેસ્ટિંગ સમય દરમિયાન આ દસ્તાવેજને તમારા ડેસ્ક પર રાખી શકો છો, પરંતુ ટેસ્ટિંગ પછી નિરીક્ષકને તે પરત કરવો આવશ્યક છે.
- તમે સ્ક્રેચ પેપર માટે આ દસ્તાવેજનો ઉપયોગ કરી શકશો નહીં.
- વિવિધ સમયે, તમારા નિરીક્ષક વિભાગમાં બાકી રહેલ સમય,તેમ જ ઉચિત હોય ત્યારે વિરામની ઘોષણા કરશે. જો તમે કોઈ મંજૂર સ્થાન વડે ટેસ્ટિંગ કરી રહ્યાં હોવ, તો આ ઘોષણાઓ આ અનુવાદિત દસ્તાવેજમાં સૂચીબદ્ધ સમય અને વિરામોથી અલગ હોઈ શકે છે. કૃપા કરીને તમારા નિરીક્ષક દ્વારા વંચાતી ઘોષણાઓ ધ્યાનપૂર્વક સાંભળો.
- જો તમે કોઈ મંજૂર સ્થાન વડે ટેસ્ટિંગ કરી રહ્યાં હોવ, તો તમારા સુપરવાઇઝર તમને અંગ્રેજીમાં વધારાના દિશાનિર્દેશો આપી શકે છે.
- કેટલાક કિસ્સાઓમાં, તમારા રાજ્ય અથવા જીલ્લા માટે જવાબ પત્રકથી સંબંધિત અનન્ય સૂચનાઓ અથવા નીતિઓ હોઈ શકે છે. તમારા જવાબ પત્રક પર વ્યક્તિગત માહિતીને કેવી રીતે પૂર્ણ કરવી તે અંગેના તમારા નિરીક્ષક દ્વારા અપાતા દિશાનિર્દેશોને કૃપા કરીને સાંભળો અને તેનું અનુસરણ કરો.
- ચોક્કસ માહિતી પર તમારું ધ્યાન દોરવા માટે આ સમગ્ર દસ્તાવેજમાં આઇકન્સનો ઉપયોગ કરવામાં આવ્યો છે:

મહત્વપૂર્ણ માહિતી

તમારા સુપરવાઇઝર દ્વારા બોલાયેલ દિશાનિર્દેશો

તમારી ટેસ્ટ પુસ્તિકામાં મળેલા દિશાનિર્દેશો

# 1 ટેસ્ટ દિવસના દિશાનિર્દેશો

## 1.1 ટેસ્ટ શરૂ થાય તે પહેલા

*તમારા સુપરવાઇઝર આ કહીને શરૂ કરશે:*

PSAT 8/9 વહીવટ પર સ્વાગત છે. આ ટેસ્ટ તમે સમગ્ર શાળામાંથી જે પહેલાથી જ શીખી ચુક્યા છો તેના પર કેન્દ્રિત કરશે. તે તમારે માધ્યમિક શાળામાં શું સુધારવાની જરૂર હોઈ શકે છે તે જોવાની તક આપે છે. જો તમે પ્રિન્ટ કરેલ અનુવાદિત દિશાનિર્દેશોનો ઉપયોગ કરી રહ્યાં હોવ, તો હું સૂચાનાઓ આપું છું તે સાથે અનુસરવા માટે હવે બુકલેટ ખોલો.

આપણે ટેસ્ટ શરૂ કરીએ તે પહેલા, હું કેટલાક અધિનિયમો અને સૂચનાઓ વાંચવા જાઉં છું. કૃપા કરીને ધ્યાનપૂર્વક સાંભળો અને કોઈપણ પ્રશ્નોને હું તેના માટે પૂછું નહીં ત્યાં સુધી ઉભા રહો.

આજના ટેસ્ટ માટે, તમારે તમારા જવાબ પત્રકને ચિહ્નિત કરવા માટે ફક્ત 2 નંબરની પેન્સિલનો ઉપયોગ કરવાનો હશે. મેકેનિકલ પેન્સિલને અનુમતિ નથી. કૃપા કરીને જો તમારી પાસે 2 નંબરની પેન્સિલ ન હોય તો હાથ ઉંચો કરો, હું તમને એક આપીશ.

*તે પછી તમારા સુપરવાઇઝર તમને કહેશે:*

આ ટેસ્ટ પર પોતાની આવડત અને જ્ઞાન બતાવવાની સમાન તક બધા વિદ્યાર્થીઓ પાસે હોવી જોઈએ. આ કારણસર, કોઈને પણ અનુચિત લાભ ન મળે તેની ખાતરી કરવા અહીં નિયમો લાગુ કરેલા છે. જો કોઈપણ નીચેનામાંથી કંઈપણ કરશે તો અમે તેને કાઢી નાખશું અને સ્કોર રદ કરીશું:

- ટેસ્ટ પર કોઈપણ પ્રકારની મદદ લેવી અથવા આપવી
- ટેસ્ટની શરૂઆત પહેલા ટેસ્ટ બુકમાં જોવું
- ખોટા વિભાગ પર કાર્ય કરવું અથવા ટેક્સ્ટ બુક અથવા જવાબ પત્રકના અગાઉના અથવા ભાવિ વિભાગને જોવું
- સમય પૂરો થવા પર જવાબો ચિહ્નિત કરવા
- ટેસ્ટ દરમિયાન અથવા તે પછી ટેસ્ટ પ્રશ્નો અથવા જવાબો કોઈની પણ સાથે શેર કરવા
- ટેસ્ટિંગ રૂમમાંથી ટેસ્ટ સામગ્રીને દૂર કરવાનો પ્રયાસ કરવો
- ટેસ્ટિંગ દરમિયાન અથવા વિરામમાં ફોન સહિત કોઈપણ અનાધિકૃત ટેસ્ટિંગ સહાયક સાધનોનો ઉપયોગ કરવો

તમને આ માટે પણ કાઢી નાખવામાં આવી શકે છે:

- ટેસ્ટિંગ દરમિયાન ખાવું અથવા પીવું (સિવાય કે એક સુવિધા તરીકે આની મંજૂરી આપવામાં આવી હોય—અન્યથા, ફક્ત વિરામ દરમિયામ જ ખાવા અને પીવાની અનુમતિ છે)
- અન્ય વિદ્યાર્થીઓને વિચલિત કરવા અથવા કોઈપણ પ્રકારે વિક્ષેપ પાડવાને કારણે
- ટેસ્ટ અથવા વિરામ દરમિયાન અધિકૃતિ સિવાય બિલ્ડિંગ છોડવી

મેં અત્યાર સુધી જે કહ્યું તેમાંથી કોઈપણ વિશે કોઈને પણ કોઈ પ્રશ્નો છે?

*જો તમારી શાળા વિદ્યાર્થીઓનાં વ્યક્તિગત માલસામાનને એકત્રિત કરે છે, તો તમારા નિરીક્ષક કહેશે:*

આ સમયથી તમારે તમામ ફોન અથવા કોઈપણ અન્ય ઇલેક્ટ્રોનિક ઉપકરણો બંધ કરવા જોઈએ. જો કોઈની પાસે હજી પણ કોઈપણ પ્રકારનું ઇલેક્ટ્રોનિક ઉપકરણ હોય, તો કૃપા કરીને એલાર્મ અક્ષમ કરો, તેને બંધ કરો અને હમણાં મને પરત કરો તથા તે તમને ટેસ્ટના અંતે પરત કરવામાં આવશે.

*જો તમારી શાળાએ વિદ્યાર્થીઓના અંગત સામાનનો સંગ્રહ કર્યો ન હતો, તો તમારા નિરીક્ષક કહેશે:*

આ સમયે, જો તમારી પાસે ફોન અથવા અન્ય કોઈપણ ઇલેક્ટ્રોનિક ઉપકરણ તમારા કબજામાં હોય, તો તમારે તેના એલાર્મ અક્ષમ કરવા, પૂર્ણપણે તેને બંધ કરવા અને ટેસ્ટ પૂર્ણ થાય ત્યાં સુધી તેને દૂર રાખવા આવશ્યક છે. કોઈપણ ઇલેક્ટ્રોનિક ઉપકરણ કે જે બંધ કરાયા નહોતા અને દૂર મૂકાયા નહોતા તે એકત્રિત કરી શકાય છે અને તપાસના એક ભાગ રૂપે તેની સામગ્રીની તપાસ કરવામાં આવી શકે છે અને તમને ટેસ્ટિંગમાંથી રદબાતલ કરવામાં આવી શકે છે.

જો તમે વિરામમાં લેવા માટે કોઈ નાસ્તો અથવા પીણાં સાથે લાવ્યાં હોવ, તો તેમને બહાર કાઢો અને હમણાં તમારા ડેસ્કની નીચે મૂકો. વિરામ દરમિયાન તમને તમારા બૅગમાંથી કંઈ લેવાની અનુમતિ હશે નહીં.

તમામ બૅગ્સ બંધ કરો અને તેમને ટેસ્ટ પૂરો થઈ જ્યા ત્યાં સુધી તમારા ડેસ્કની નીચે રાખો.

*તે પછી તમારા સુપરવાઇઝર તમને કહેશે:*

હવે અમે ટેસ્ટ શરૂ કરવાની તૈયારી કરીએ છીએ.

કૃપા કરીને તમારા ડેસ્ક પરથી તમારી રબર સાથેની 2 નંબરની પેન્સિલ, માન્ય કેલ્ક્યુલેટર અને કોઈપણ માન્ય ટેસ્ટિંગ ઉપકરણ સિવાયની દરેક વસ્તુ દૂર કરો.

જો તમે કોઈ બૅકઅપ કેલ્ક્યુલેટર અથવા વધારાની બૅટરી લાવ્યાં હોવ, તો કૃપા કરીને તેને તમારા ડેસ્ક પર રાખો. તમે ટેસ્ટ અથવા વિરામ દરમિયાન કોઈપણ સમયે બીજા વિદ્યાર્થી સાથે કેલ્ક્યુલેટર શેર કરી શકશો નહી.]

*જ્યારે તમામ વિદ્યાર્થીઓ તૈયાર હોય, તમારા સુપરવાઇઝર કહેશે:*

તમારો આભાર. જ્યાં સુધી હું તપાસ કરી લઉં અને ખાતરી કરી લઉં કે દરેક જણ માન્ય કેલ્ક્યુલેટરનો ઉપયોગ કરી રહ્યાં હશે ત્યાં સુધી કૃપા કરીને શાંતિથી બેસો.

### 1.1.1 જવાબ પત્રકનું વિતરણ

*વિદ્યાર્થીઓ તૈયાર હોય ત્યારે તમારા નિરીક્ષક કહેશે:*

હવે હું તમને દરેકને તમારું જવાબ પત્રક આપું છું.

*મોટા-બ્લોકના જવાબ પત્રકોનો ઉપયોગ કરતા વિદ્યાર્થીઓ માટે, તમારા નિરીક્ષક કહેશે:*

તમારા જવાબો કેવી રીતે ચિહ્નિત કરવા તે વિશે, કૃપા કરીને તમારા જવાબ પત્રકના પૃષ્ઠ 1 પરના દિશાનિર્દેશો વાંચો. તમે બબલ્સને બદલે ચોરસને ચિહ્નિત કરતા હશો અને પૃષ્ઠ નંબર હું ઘોષણા કરું છું તેનાથી અલગ હશે. કોઈપણ સમયે તમને સહાયતાની જરૂર હોય તો તમારો હાથ ઉંચો કરો.

*તમામ વિદ્યાર્થીઓને, નિરીક્ષક કહેશે:*

કૃપા કરીને તમારા જવાબ પત્રક પર દેખાય છે તે તમારું કાનૂની નામ અને જન્મતારીખ સાચી છે તથી અનુરૂપ બબલ્સ યોગ્ય રીતે ભરવામાં આવેલ છે તેની ખાતરી કરવા માટે તપાસો. જો તમારી પાસે ખોટુ જવાબ પત્રક હોય તો તમારો હાથ ઉંચો કરો.

*વિદ્યાર્થીઓને તેઓના જવાબ પત્રકોને પોપ્યુલેટ કરવા માટે, તમારા નિરીક્ષક કહેશે:*

ફીલ્ડ 1 માં તમારી કાનૂની અટક, તમારું નામ અને પતિ/પિતાનાં આદ્યાક્ષરો સાથે ભરવાનું શરૂ કરો. જો જગ્યા, હાઇફન અથવા એપોસ્ટ્રોફી તમારા નામનો એક ભાગ હોય તો તે સામેલ કરો. જો તમે તમારી કાનૂની અટક સિવાય કોઈ અન્ય નામ સામેલ કર્યું હોય, તો તમારો સ્કોર વિલંબિત થઈ શકે છે. બૉક્સેસમાં બધા અક્ષરો કૅપિટલમાં લખો, તે પછી સંબંધિત બબલ્સને ભરો. ખાતરી કરો કે દરેક ચિહ્ન ઘાટું અને પૂર્ણપણે બબલને ભરતું હોય. જ્યારે તમે સમાપ્ત કરી લો ત્યારે જુઓ. શું કોઈ પ્રશ્નો છે?

*(A) ફીલ્ડ 2–4 માટે, જો તમારા ક્લાસરૂમમાં વિદ્યાર્થીઓ હોય કે જેઓ તે જ શાળામાં અભ્યાસ કરતા ન હોય, તો તમારા નિરીક્ષક કહેશે:*

ફીલ્ડ 2 માં. જો આ તે જ શાળા છે જેમાં તમે અભ્યાસ કરો છો, તો "હા" કહેતા બબલ્સને ભરો અને ફીલ્ડ 3 માં તમારી શાળાનું નામ અને સરનામું ભરો. જો આ તમે નિયમિત રીતે અભ્યાસ કરો છો તે શાળા નથી અને તમે હોમસ્કૂલનથી નથી, તો "ના, હું નિયમિત અભ્યાસ કરું છું તે શાળા આ નથી" કહેતા બીજા બબલને ભરો અને ફીલ્ડ 3 માં તમારી શાળાનું નામ અને સરનામું ભરો. જો તમે હોમસ્કૂલથી છો, તો "ના, હું હોમસ્કૂલથી છું" કહેતા ત્રીજા બબલને ભરો અને ફીલ્ડ 3 અથવા 4 માં અન્ય કોઈપણ માહિતી દાખલ કરશો નહીં.

ફીલ્ડ 4 માં, તમારી શાળાનો કોડ દાખલ કરો. જો તમે આ શાળામાં અભ્યાસ કરો છો, તો મેં રૂમની સામે આપણી શાળાનો કોડ પોસ્ટ કર્યો છે. અન્ય કોઈપણને જરૂર હોય તો અન્ય શાળા કોડ્સ પણ સૂચીબદ્ધ છે. જો તમે હોમસ્કૂલથી છો, તો ફીલ્ડ 4 ને ખાલી છોડો. જ્યારે તમે સમાપ્ત કરી લો ત્યારે જુઓ.

**અથવા**

*(B) ફીલ્ડ 2–4 માટે, જો તમારા ક્લાસરૂમમાં વિદ્યાર્થીઓ હોય કે જેઓ તમારી શાળામાં અભ્યાસ કરતા હોય, તો તમારા નિરીક્ષક કહેશે:*

ફીલ્ડ 2 માં, "હા." કહેતા બબલને ભરો અને ફીલ્ડ 3 માં આપણી શાળાનું નામ અને સરનામું દાખલ કરો. ફીલ્ડ 4 માં, શાળાનો કોડ દાખલ કરો જે મેં રૂમની સામે પોસ્ટ કર્યો છે.

*(A) જો તમારી શાળા વિદ્યાર્થી ID નંબરોનો ઉપયોગ કરતી હોય, તો ફીલ્ડ 5 માટે, તમારા નિરીક્ષક કહેશે:*

ફીલ્ડ 5 માં, તમારો વિદ્યાર્થી ઓળખાણ નંબર લખો અને ભરો, ડાબી બાજુ પરનાં પ્રથમ કૉલમથી શરૂ કરીને. જો તમારા ID નંબરમાં અક્ષરો હોય, તો તેમને છોડી દો અને ફક્ત સંખ્યાઓ દાખલ કરો. જો તમે તમારો વિદ્યાર્થી ID નંબર જાણતા નથી તો તમારો હાથ ઉંચો કરો. જ્યારે તમે પૂર્ણ કરી લો ત્યારે જુઓ.

*(B) જો તમારી શાળા વિર્દ્યાર્થી ID નંબરોનો ઉપયોગ કરતી નથી, તો ફીલ્ડ 5 માટે, તમારા નિરીક્ષક કહેશે:*

ફીલ્ડ 5 માં કોઈ ચિહ્ન કરશો નહીં.

*ફીલ્ડ 6 માટે, તમારા નિરીક્ષક કહેશે:*

ફીલ્ડ 6 માં તમારા વર્તમાન ગ્રેડ સ્તરને ભરો.

*ફીલ્ડ 7 માટે, તમારા નિરીક્ષક કહેશે:*

ફીલ્ડ 7 માં યોગ્ય બબલ ભરો.

*ફીલ્ડ 8 માટે, તમારા નિરીક્ષક કહેશે:*

ફીલ્ડ 8 માં, તમારા જન્મનાં મહિના માટે યોગ્ય બબલ ભરો. તે પછી તમારા જન્મનો દિવસ અને વર્ષનાં છેલ્લા 2 અંકો ભરો અને યોગ્ય બબલ્સ ભરો. જો નંબર 10 કરતા ઓછો હોય, તો કોઈપણ 2-અંકના ફીલ્ડ 0 થી શરૂ કરવાની જરૂર હશે. જો તમે મોટા-બ્લોકવાળા જવાબ પત્રકનો ઉપયોગ કરી રહ્યાં હોવ, તો તમારા જન્મનો મહિનો, દિવસ અને વર્ષ ભરો.

### 1.1.2 ટેસ્ટ બુક વિતરણ

*દરેક વ્યક્તિ તૈયાર હોય, તો તમારા નિરીક્ષક કહેશે:*

હવે હું તમને ટેસ્ટ બુક્સ આપવા જાઉં છું. તમે તમારી ટેસ્ટ બુક પ્રાપ્ત કરો ત્યારે તેને ખોલશો નહીં. તેને ઉલટાવો અને પાછલા કવરને વાંચો. તેમાં ટેસ્ટ અને તમારા જવાબોને યોગ્ય રીતે કેવી રીતે ચિહ્નિત કરવા તે વિશેની મહત્વપૂર્ણ માહિતી છે.

*દરેક વ્યક્તિ તૈયાર હોય, તો તમારા નિરીક્ષક કહેશે:*

તમારું નામ, શાળાનું નામ અને આ શાળાનો કોડ સ્પષ્ટ રીતે તમારી ટેસ્ટ બુકની પાછળ લખો. જો તમે ફ્લેશ ડ્રાઇવ પર MP3 અથવા ATC ફોર્મેટનો ઉપયોગ કરી રહ્યાં હોવ, તો તમારે ખાતરી કરવાની જરૂર પડશે કે આ માહિતી તમારા ફ્લેશ ડ્રાઇવ પૅકેજિંગ પર પણ છે. જ્યારે તમે સમાપ્ત કરી લો ત્યારે જુઓ.

હવે તમારા જવાબ પત્રકનાં પૃષ્ઠ 4 પર (અથવા જો તમે મોટા-બ્લોકના જવાબ પત્રકનો ઉપયોગ કરી રહ્યાં હોવ તો પૃષ્ઠ 7) આવો.

### 1.1.3 ટેસ્ટ બુકની માહિતી અને પ્રમાણીકરણ વિધાનને પૂર્ણ કરવા દરમિયાન

*ફીલ્ડ A અને B માટે, તમારા નિરીક્ષક કહેશે:*

ફીલ્ડ A અને B ને તમારા જવાબ પત્રકની પાછળની બાજુએ મેળવો (અથવા મોટા-બ્લોકવાળા જવાબ પત્રક પર પૃષ્ઠ 7). ફોર્મ કોડ અને ટેસ્ટ ID તમારા ટેસ્ટ બુક (અથવા MP3 અને ATC ટેસ્ટ ટેકર્સ માટે ફ્લેશ ડ્રાઇવ પૅકેજીંગ)ની પાછળની બાજુએ જેવા દેખાય છે બરાબર તે જ તમારા જવાબ પત્રક પરની ફીલ્ડ A અને B માં કૉપિ કરો. ફીલ્ડ A માટે, કૃપા કરીને યોગ્ય બબલ્સ પણ ભરો. જ્યારે તમે સમાપ્ત કરી લો ત્યારે જુઓ.

*તમામ વિદ્યાર્થીઓને, નિરીક્ષક કહેશે:*

ફોર્મ કોડ અને ટેસ્ટ ID સાચી રીતે પૂર્ણ કરવામાં આવ્યા છે તેની ખાતરી કરવા માટે થોડો સમય લો. તમે તમારા જવાબ પત્રક પર યોગ્ય કોડ્સ દાખલ કરો એ ખૂબ અગત્યનું છે. અન્યથા, તમે સ્કોર પ્રાપ્ત કરી શકશો નહીં.

*(A) જો તમારી શાળા ટેસ્ટિંગ રૂમ કોડ્સનો ઉપયોગ કરે છે તો, ફીલ્ડ C માટે તમારા નિરીક્ષક કહેશે:*

ફીલ્ડ C માં, મેં પોસ્ટ કર્યો છે તે ટેસ્ટિંગ રૂમ કોડ લખો; તે પછી બબલ્સ ભરો.

*(B) જો તમારી શાળા ટેસ્ટિંગ રૂમ કોડ્સનો ઉપયોગ કરતી નથી તો, ફીલ્ડ C માટે તમારા નિરીક્ષક કહેશે:*

કૃપા કરીને ફીલ્ડ C ને ખાલી છોડો.

*(A) ફીલ્ડ D માટે જો તમારી શાળા વૈકલ્પિક કોડ્સનો ઉપયોગ કરે છે, તો તમારા નિરીક્ષક કહેશે:*

- વિદ્યાર્થીઓ કે જે આ શાળામાં અભ્યાસ કરે છે, કૃપા કરીને ફીલ્ડ D માં, મેં તમારા માટે પોસ્ટ કર્યો છે નંબર દાખલ કરો.

*(B) ફીલ્ડ D માટે જો તમારી શાળા વૈકલ્પિક કોડ્સનો ઉપયોગ કરતી નથી, તો તમારા નિરીક્ષક કહેશે:*

- કૃપા કરીને ફીલ્ડ D ને ખાલી છોડો.

*તમામ વિદ્યાર્થીઓને, નિરીક્ષક કહેશે:*

- હવે કૃપા કરીને તમારા જવાબ પત્રકની પાછળની બાજુએ પ્રમાણીકરણ વિધાનને જુઓ.

  સ્ટેટમેન્ટ સાઇન કરીને, તમે કોઈપણ વિશિષ્ટ ટેસ્ટ પ્રશ્ન કોઈની પણ સાથે, ઈમેલ, ટેક્સ્ટ સંદેશ, ઇન્ટરનેટ પોસ્ટ અથવા ઇન્ટરનેટના અન્ય ઉપયોગ સહિત સંચારનાં કોઈપણ પ્રકારમાં શેર ન કરવા સંમત થાઓ છો. આમ કરવું સ્કોર અમાન્યતા અથવા અન્ય સંભવિત પ્રતિબંધમાં પરિણમી શકે છે. ઉપરાંત, તમે સંમત થાઓ છો કે તમારી શાળાએ તમારા વિશે College Board ને પ્રદાન કરેલ કોઈપણ માહિતી, College Board આ ટેસ્ટથી સંબંધિત શૈક્ષણિક સેવાઓ પ્રદાન કરવા જેમ કે સ્કોર રિપોર્ટિંગ અને સ્કોલરશિપ પાત્રતા અને તકો માટે તે માહિતીને જાળવી શકે છે.

  વિધાન અને તમારી સૂચનાઓની બુકલેટમાંની માહિતી વાંચો, તે પછી સત્તાવાર દસ્તાવેજ પર તમે કરશો તે રીતે તમારું પૂરું નામ લખીને સહી કરો. તમારી સહીની નીચે, તમારું નામ લખો અને આજની તારીખ દાખલ કરો.

  કૃપા કરીને આ વિભાગ ખાતરીપૂર્વક પૂર્ણ કરો. જો તમે તમારા નામની સહી કરતા નથી, તો તમારો સ્કોર વિલંબિત થશે અથવા રદ થઈ શકે છે.

  તમે સમાપ્ત કરી લો ત્યારે તમારી પેન્સિલ નીચે મૂકો.

*દરેક જણ પ્રમાણીકરણ વિધાન પર હસ્તાક્ષર કરી લે તે પછી તમારા નિરીક્ષક કહેશે:*

- હવે તમારા કેલ્ક્યુલેટર્સ અને વધારાની બૅટરીઝને તમારી ડેસ્કની નીચે મૂકો. આ વિભાગ માટે તમને તેની જરૂર પડશે નહીં.

  ટેસ્ટ દરમિયાન, તમારા જવાબ પત્રક અને ટેસ્ટ બુકને તમારી ડેસ્ક પર સીધા રાખો. જો તમને તમારા જવાબ પત્રક અથવા ટેસ્ટ બુકમાં કંઈક ખોટુ જણાય, જેમ કે કોઈ પૃષ્ઠ ખૂટતું હોય, તો તે સમયે તમારા હાથ ઉંચો કરો. તમારી પ્રગતિ તપાસવા માટે હું સમગ્ર રૂમમાં ફરીશ. હું ટેસ્ટ માટે આધિકારીક સમય પણ રાખીશ અને હું સમયાંતરે દરેક વિભાગમાં તમારી પાસે કેટલો સમય બાકી છે તે જણાવીશ.

  તમે સ્કેચ કાર્ય માટે ટેસ્ટ બુકનો ઉપયોગ કરી શકો છો, પરંતુ તમારે તમારા જવાબો જવાબ પત્રક પર ચિહ્નિત કરવા આવશ્યક છે સિવાય કે તમને તમારી ટેસ્ત બુકમાં ચિહ્નિત કરવાની મંજૂરી અપાઈ હોય. સમય કૉલ કરવામાં આવ્યા પછી, તમે તમારા જવાબોને ટેસ્ટ બુકમાંથી તમારા જવાબ પત્રકમાં સ્થાનાંતરિત કરી શકશો અથવા ખાલી બબલ્સ ભરી શકશો નહીં.

  જો ટેસ્ટિંગ પ્રક્રિયા વિશે તમને કોઈ પ્રશ્નો હોય તો કૃપા કરીને હમણાં પૂછો. ટેસ્ટનાં સયમ વિભાગો દરમિયાન હું પ્રશ્નોના જવાબ આપી શકીશ નહીં.

### *1.1.3.1 વિશેષ ફોર્મેટની સૂચનાઓ*

*જો કોઈ વિદ્યાર્થી સ્ક્રાઇબનો ઉપયોગ કરે છે, તો તમારા નિરીક્ષક સ્ક્રાઇબને કહેશે:*

કૃપા કરીને આ સૂચનાઓને અનુસરો:

- તમારે ફક્ત વિદ્યાર્થી ડિક્ટેટ કરે તે જ લખવું આવશ્યક છે.
- તમે વિદ્યાર્થીને એ રીતે સંકેત આપી શકશો નહીં જે કોઈ અલગ પ્રતિસાદમાં પરિણમે.
- જો વિદ્યાર્થી કોઈ એવા શબ્દનો ઉપયોગ કરે છે જેનાથી તમે પરિચિત નથી અથવા તમે તે જાણતા નથી, તો વિદ્યાર્થીને તેની જોડણી બતાવવા કહો.

*સ્ક્રાઇબનો ઉપયોગ કરતા વિદ્યાર્થીને, તમારા નિરીક્ષક કહેશે:*

તમારા જવાબો અને કોઈપણ સુધારાઓ, ડિક્ટેટ થતાં જ તે રેકોર્ડ કરવામાં આવશે. જો તમે તમારા કાર્યની સમીક્ષા કરવા માંગતા હોવ, તો તમારા જવાબો તમને વાંચી સંભળાવવામાં આવશે. શું તમને કોઈ પ્રશ્નો છે?

*વાચકને, તમારા નિરીક્ષક કહેશે:*

જો તમે વિદ્યાર્થીને સ્ક્રિપ્ટ વાંચી સંભળાવતા હોવ, તો કૃપા કરીને વિનંતી કરી હોય તેટલી વાર પ્રશ્નો વાંચો. સ્ક્રિપ્ટમાં હોય ફક્ત તે જ વાંચવું મહત્વપૂર્ણ છે. સ્ક્રિપ્ટમાં જે છે તેનાથી ઉપર જઈને વિસ્તરણ પ્રદાન કરશો નહીં, પછી ભલે વિદ્યાર્થી તે માટે પૂછે તો પણ. જો કોઈ વિદ્યાર્થી બ્રેલ આકૃતિની પુરવણીનો ઉપયોગ કરે છે અને બ્રેલ વાંચતા ન હોય, તો તમે જરૂર પડવા પર લેબલ્સ અને નંબરોને નિયમિત-પ્રકારના પુસ્તકોમાં સંબંધિત સ્થાનોમાં જોઈ શકો છો. શું આ પ્રક્રિયા વિશે તમને કોઈ પ્રશ્નો છે?

*બ્રેલ ફોર્મેટનો ઉપયોગ કરતા વિદ્યાર્થીઓ માટે, તમારા નિરીક્ષક કહેશે:*

બ્રેલ ટેસ્ટ ઘણી બુક્સમાં વિભાજીત છે. તમને એક સમયમાં એક બુક આપવામાં આવશે. વાંચન ટેસ્ટ અને લેખન તથા ભાષા ટેસ્ટ નિયમિત ગ્રેડ 2 બ્રેલમાં છે. સમગ્ર ટેસ્ટ દરમિયાન, દરેક પ્રશ્નને એકબીજાથી એક લાઇન વડે અલગ કરવામાં આવે છે. દરેક પ્રશ્ન કોષ 1 માં શરૂ થાય છે, કોષ 5 માં શરૂ થતા રનઓવર્સ સાથે. દરેક જવાબનો વિકલ્પ કોષ 5 માં શરૂ થતા રનઓવર સાથે કોષ 3 માં શરૂ થાય છે.

વપરાયેલ બ્રેલ પ્રકાર યુનિફાઇડ ઇંગ્લિશ બ્રેલ (UEB) અને ગણિતની ટેસ્ટ 1972 માં સુધારેલ નેમેથ કોડ છે. બ્રેલ આકૃતિની પુરવણીમાં બ્રેલ ગણિતનાં સૂત્રો અને ગણિતની ટેસ્ટનાં બે વિભાગો સાથે ઉપયોગમાં લેવા માટેનાં દિશાનિર્દેશો છે.

જો તમે ઉપયોગમાં લેતા હોવ તે દરેક પૃષ્ઠ પર, તમારા જવાબોને રેકોર્ડ કરવા માટે બ્રેલ ઉપકરણનો ઉપયોગ કરો છો તો તમારું પૂરું નામ અને તમે જે વિભાગ પર કાર્ય કરી રહ્યાં છો તેનો નંબર લખો. પ્રશ્ન નંબર અને તમારો જવાબ લખો. તમારા જવાબની પસંદગીઓને કેપિટલાઇઝ કરવાની જરૂર નથી.

શું આ પ્રક્રિયા વિશે તમને કોઈ પ્રશ્નો છે?

*ATC ફોર્મેટનો ઉપયોગ કરતાં તમામ વિદ્યાર્થીઓને, તમારા નિરીક્ષક કહેશે:*

આજે તમે ટેસ્ટનું એક ફોર્મ લેશો જે તમારા સ્ક્રીન રીડર અથવા અન્ય સૉફ્ટવેર સાથે સુસંગત છે. મેં આ સહાયક ટેકનોલોજી–સુસંગત ફોર્મેટ તમારા ડેસ્ક પરનાં કમ્પ્યુટર પર લોડ કર્યું છે.

કૃપા કરીને "ATC ના વપરાશકર્તાઓ માટે પ્રારંભિક દિશાનિર્દેશો અને માહિતી" શીર્ષકવાળા ઇલેક્ટ્રોનિક દસ્તાવેજને ખોલીને અને વાંચીને હવે ટેસ્ટિંગ માટે તૈયાર રહો. જ્યારે તમે દસ્તાવેજને વાંચવાનું સમાપ્ત કરો, ત્યારે કૃપા કરીને ક્લિક કરો અથવા અન્યથા મિનિમાઇઝ બટન પસંદ કરો અને અહીં જુઓ.

ટેસ્ટ દરમિયાન, તમે તે જ દિશાનિર્દેશોને સ્ક્રીન પર વાંચશો જે અન્ય વિદ્યાર્થીઓ ટેસ્ટ બુકમાં વાંચશે. સમય અને અન્ય પ્રક્રિયાઓ માટેના તમામ દિશાનિર્દેશો કે જે મેં વાંચ્યાં તે તમને લાગુ થાય છે. જ્યારે હું તમને કોઈ વિભાગમાં ટેસ્ટિંગ પ્રારંભ કરવાનું કહું, ત્યારે યોગ્ય વિભાગ ફાઇલ ખોલો અને તમારો પાસવર્ડ લખો, જે તમારા ટેસ્ટ પૅકેજિંગ પર છાપેલો છે. જ્યારે હું સમય બતાવું, ટેસ્ટિંગ રોકો અને ફાઇલ બંધ કરો. શું કોઈ પ્રશ્નો છે?

### 1.1.4 ફ્રંટ કવરનાં દિશાનિર્દેશો

*નીચે આપેલ તમારી ટેસ્ટ બુકનાં ફ્રંટ કવરનું ભાષાંતર છે.*

---

**મહત્વપૂર્ણ રિમાઇન્ડર્સ**

1
ટેસ્ટ માટે નંબર 2 પેન્સિલ આવશ્યક છે.
મેકેનિકલ પેન્સિલ અથવા પેનનો ઉપયોગ કરશો નહીં.

2
કોઈપણ પ્રશ્નો કોઈપણની સાથે શેર કરવા એ ટેસ્ટ સુરક્ષા અને નિષ્પક્ષતા નીતિઓનું ઉલ્લંઘન છે અને તમારો સ્કોર રદ થવામાં પરિણમી શકે છે.

આ ટેસ્ટ બુક રૂમમાંથી લેવાવી જોઈએ નહીં. આ ટેસ્ટ બુકના કોઈપણ ભાગનું અનાધિકૃત પુનરૂત્પાદન અથવા ઉપયોગ પ્રતિબંધિત છે.

© 2018 The College Board. College Board અને એકોર્ન લૉગો એ College Board ના નોંધાયેલ ટ્રેડમાર્ક્સ છે. PSAT એ Collage Board નો નોંધાયેલ ટ્રેડમાર્ક છે.

---

## 1.1.5 પાછલા કવરનાં દિશાનિર્દેશો

*નીચે આપેલ અનુવાદ એ તમારી કસોટી પુસ્તિકાના પાછળના કવરનું અનુવાદ છે. જ્યારે સૂચના આપવામાં આવે, ત્યારે તમારે કસોટી પુસ્તિકા અથવા જવાબની શીટ પર લખવું જોઈએ, ન કે અનુવાદના આ દસ્તાવેજ પર.*

**તમારું નામ (પ્રિન્ટ)** ________________________________

છેલ્લાં　　　　પ્રથમ　　　　MI

**શાળા** ________________________________

નંબર　　　　શાળાનું નામ　　　　રૂમ નંબર

# PSAT™ 8/9

### સામાન્ય નિર્દેશો

- તમે એક સમયે ફક્ત એક જ વિભાગ પર કાર્ય કરી શકો છો.
- જો તમે કોઈ અનુભાગને સમય પૂરો થવાની પહેલાં સમાપ્ત કરી લો, તો તે વિભાગ પરના તમારા કાર્યને તપાસો. તમે કોઈપણ અન્ય વિભાગ પર જઈ શકતાં નથી.

### જવાબોને ચિહ્નિત કરવા

- તમારી જવાબની શીટને ઠીકથી ચિહ્નિત કરવાની ખાતરી કરો.

પૂર્ણ માર્ક:　　　　અપૂર્ણ માર્ક્સ:



- તમારે નં. 2 પેન્સિલનો ઉપયોગ કરવો જોઈએ.
- દરેક પ્રશ્ન માટે ફક્ત એક જવાબને ધ્યાનથી ચિહ્નિત કરો.
- તમે બધા બબલને ઘાટી રીતે અને પૂર્ણપણે ભર્યા હોવાની ખાતરી કરો.
- તમારી જવાબની શીટ પર કોઈપણ પ્રકારના નિશાન ન કરવા.
- જો તમે ભૂંસી નાખો છો, તો તે પૂરી રીતે કરો. અધૂરી ભૂંસેલ વસ્તુઓને ઇચ્છિત જવાબ તરીકે સ્કોર કરવામાં આવી શકે છે.
- પ્રશ્ન નંબરને અનુરૂપ જ જવાબ પંક્તિઓનો ઉપયોગ કરો.

### તમારી કસોટી પુસ્તિકાનો ઉપયોગ કરવો

- તમે રફ કાર્ય માટે કસોટી પુસ્તિકાનો ઉપયોગ કરી શકો છો, પરંતુ તમે તમારી કસોટી પુસ્તિકામાં જે કંઈપણ લખો છો તેના તમને કોઈ માર્ક મળશે નહીં.
- સમય પૂરો થઈ ગયાં પછી, તમે તમારી કસોટી પુસ્તિકામાંથી તમારી જવાબની શીટમાં જવાબો ઉતારી કે વર્તુળોને ભરી શકશો નહીં.
- તમે આ પુસ્તિકામાંથી પૃષ્ઠો અથવા પૃષ્ઠના ભાગોને ફોલ્ડ અથવા દૂર કરી શકતાં નથી અથવા પરીક્ષા ખંડમાંથી પુસ્તિકા અથવા જવાબની શીટને બહાર લઈ જઈ શકતાં નથી.

### સ્કોરિંગ

- દરેક સાચા જવાબ માટે, તમને એક પૉઇન્ટ મળે છે.
- ખોટા જવાબ આપવા બદલ તમે કોઈ પૉઇન્ટ ગુમાવશો નહીં; તેથી, તમારે દરેક પ્રશ્નનો જવાબ આપવાનો પ્રયાસ કરવો જોઈએ, પછી ભલને તમે સાચા જવાબ અંગે સુનિશ્ચિત ન હોવ.

[redacted]

નીચેના કોડ તમારી કસોટી પુસ્તિકા માટે અનન્ય છે. તેમને તમારા જવાબ પત્રક પર અ અને બ બૉક્સમાં કૉપિ કરો અને દર્શાવ્યાં પ્રમાણે જ અનુરૂપ બબલ્સને ભરો.







આ ટેસ્ટ માટેના આ ફકરાઓમાં સમાવેલ વિચારો, જેમાંથી કેટલાક પ્રકાશિત સામગ્રીમાંથી લેવાયા અથવા અપનાવાયા છે, તે જરૂરી નથી કે College Board ના મંતવ્યોને રજૂ કરે.

**જ્યાં સુધી નિરીક્ષક તમને આ બુક ખોલવા માટે ન કહે ત્યાં સુધી તમારે આ બુક ખોલવી નહીં.**

## 1.2 સ્ક્રિપ્ટ 1: માનક સમય

### 1.2.1 વિભાગ 1: વાંચન કસોટી

*વિભાગ 1 માટેનો માનક સમય **55 મિનિટ** છે, જેમાં વિભાગના અંતે **5-મિનિટનો વિરામ** છે. જો તમે મંજૂર સ્થાન પર ટેસ્ટ આપી રહ્યાં હોવ, તો તમારો સમય અને વિરામ અલગ હોઈ શકે છે. કૃપા કરીને તમારા નિરીક્ષક દ્વારા વંચાતી ઘોષણાઓ ધ્યાનપૂર્વક સાંભળો. ટેસ્ટ બુકના દિશાનિર્દેશોનો અનુવાદ એ અનુવાદિત બોલાયેલા દિશાનિર્દેશો પ્રમાણે દેખાય છે.*

*દરેક વ્યક્તિ તૈયાર હોય, તો તમારા નિરીક્ષક કહેશે:*

જ્યાં સુધી હું તમને કસોટી પુસ્તિકાને ખોલવા ન કહું ત્યાં સુધી તમારે તેને ખોલવી નહીં. એકવાર શરૂ કરી લેવા પર, તમારી પાસે વિભાગ 1, વાંચન કસોટી પર કામ કરવા માટે 55 મિનિટનો સમય હશે. આ વિભાગ સમાપ્ત થઈ જવા પર અમે 5-મિનિટનો વિરામ લઈશું.

તમારા જવાબોને ક્રમાંકિત ખાલી જગ્યામાં માર્ક કરવાની ખાતરી કરો, કે જે વિભાગ 1 માં સંખ્યાત્મક ટેસ્ટના પ્રશ્નોને અનુરૂપ છે. તમે નંબર 2 પેંસિલનો ઉપયોગ કરી રહ્યાં હોવાની તથા તમે બધા બબલને ઘાટી રીતે અને પૂર્ણપણે ભર્યા હોવાની ખાતરી કરો. જો તમે તમારો જવાબ બદલો છો, તો તેને પૂર્ણપણે ભૂંસી દેશો. જો તમે સમય પૂરો થવાની પહેલાં સમાપ્ત કરી લો છો, તો તમે આ વિભાગના તમારા કાર્યને તપાસી શકો છો, પરંતુ તમે કોઈપણ અન્ય વિભાગ પર જઈ શકતાં નથી.

યાદ રાખો કે તમને યોગ્ય જવાબો માટે પૉઇન્ટ પ્રાપ્ત થાય છે, પરંતુ તમે ખોટા જવાબો માટે પૉઇન્ટ ગુમાવતાં નથી. તેનો અર્થ એ કે તમારે દરેક પ્રશ્નનો જવાબ આપવાનો પ્રયાસ કરવો જોઈએ, પછી ભલે તમે સાચા જવાબ અંગે સુનિશ્ચિત ન હોવ.

કૃપા કરીને પૃષ્ઠ 3 પર વિભાગ 1 (અથવા જો તમે મોટા-બ્લોકવાળા જવાબ પત્રકનો ઉપયોગ કરી રહ્યાં હોવ તો પૃષ્ઠ 9) પર તમારા જવાબ પત્રકમાં કામ કરવાનું ચાલુ કરો. તમારા જવાબ પત્રક અને ટેસ્ટ બુકને તમારા ડેસ્ક પર રાખો. પૃષ્ઠો પાછળ વાળશો નહીં. તમારી કસોટી પુસ્તિકાને વિભાગ 1 પર ખોલો, નિર્દેશોને વાંચો અને કાર્યની શરૂઆત કરો. સમય હવે શરૂ થાય છે. પરીક્ષા માટે શુભેચ્છા.

*30 મિનિટ પછી, તમારા નિરીક્ષક કહેશે:*

આ વિભાગમાં તમારી પાસે 25 મિનિટનો સમય બાકી છે.

*50 મિનિટ પછી, તમારા નિરીક્ષક કહેશે:*

આ વિભાગમાં તમારી પાસે 5 મિનિટનો સમય બાકી છે.

*બરાબર 55 મિનિટ પછી, તમારા નિરીક્ષક કહેશે:*

કામ બંધ કરો અને તમારી પેન્સિલને નીચે મૂકી દો.

તમારા જવાબ પત્રકને તમારી ટેસ્ટ બુકમાં તે પૃષ્ઠ પર રાખો જ્યાં તમે કામ કરવાનું બંધ કર્યું છે. તમારી ટેસ્ટ બુક બંધ કરો.

હવે તમારી પાસે વિરામનો થોડો સમય હશે. વિરામ દરમિયાન કસોટીના પ્રશ્નોની ચર્ચા કરવી નહીં અથવા પરવાનગી વગર પરીક્ષા ખંડ છોડવો નહીં.

અમે બરાબર 5 મિનિટમાં ફરી કસોટી શરૂ કરીશું.

*જો તમારી શાળાએ વિદ્યાર્થીઓના અંગત સામાનનો સંગ્રહ કર્યો ન હતો, તો તમારા નિરીક્ષક કહેશે:*

તમે પરીક્ષા દરમિયાનના આ વિરામ અથવા અન્ય કોઈપણ વિરામમાં ફોન અથવા અન્ય કોઈ ઇલેક્ટ્રોનિક ઉપકરણને ઍક્સેસ અથવા ઉપયોગ કરી શકશો નહીં. પરીક્ષા પૂરી ન થાય ત્યાં સુધી બધા ફોન અને અન્ય ઉપકરણો બંધ રાખવા અને પરીક્ષા ખંડની બહાર રાખવા જરૂરી છે.

#### *1.2.1.1 વિરામ દરમિયાન*

*વિરામના અંતે, તમારા નિરીક્ષક કહેશે:*

તમારી બેઠક લો. જ્યાં સુધી હું તમને કસોટી પુસ્તિકાને ખોલવા ન કહું ત્યાં સુધી તમારે તેને ખોલવી નહીં.

#### *1.2.1.2 વિભાગ 1 ટેસ્ટ બુકના દિશાનિર્દેશો*

*નીચે આપેલ અનુવાદ એ તમારી કસોટી પુસ્તિકાના વિભાગ 1 ની શરૂઆતમાં રહેલ નિર્દેશોનું અનુવાદ છે.*

---

**55 મિનિટ, 42 પ્રશ્નો (માનક સમય)**

**આ વિભાગમાં રહેલ પ્રશ્નોના જવાબ આપવા માટે તમારી જવાબ શીટના વિભાગ 1 પર જાઓ.**

**નિર્દેશો**

નીચે આપેલ દરેક ફકરો અથવા ફકરાની જોડીની સામે પ્રશ્નોના નંબર છે. દરેક ફકરો અથવા જોડીને વાંચ્યા પછી, ફકરા અથવા ફકરાઓ અને સાથેના કોઈપણ ગ્રાફિક્સમાં (જેમ કે કોષ્ટક અથવા ગ્રાફ) લાગુ અથવા દર્શાવેલ હોય તેના આધારે દરેક પ્રશ્નનો શ્રેષ્ઠ જવાબ પસંદ કરો.

---

### 1.2.2 વિભાગ 2: લેખન અને ભાષા ટેસ્ટ

*વિભાગ 2 માટેનો માનક સમય **30 મિનિટ** છે. જો તમે મંજૂર સ્થાન પર ટેસ્ટ આપી રહ્યાં હોવ, તો તમારો સમય અને વિરામ અલગ હોઈ શકે છે. કૃપા કરીને તમારા નિરીક્ષક દ્વારા વંચાતી ઘોષણાઓ ધ્યાનપૂર્વક સાંભળો. ટેસ્ટ બુકના દિશાનિર્દેશોનો અનુવાદ એ અનુવાદિત બોલાયેલા દિશાનિર્દેશો પ્રમાણે દેખાય છે.*

*દરેક વ્યક્તિ તૈયાર હોય, તો તમારા નિરીક્ષક કહેશે:*

એકવાર શરૂ કરી લેવા પર, તમારી પાસે વિભાગ 2, લેખન અને ભાષા કસોટી પર કામ કરવા માટે 30 મિનિટનો સમય હશે.

તમારા જવાબોને ક્રમાંકિત ખાલી જગ્યામાં માર્ક કરવાની ખાતરી કરો, કે જે વિભાગ 2 માં સંખ્યાત્મક ટેસ્ટના પ્રશ્નોને અનુરૂપ છે. જો તમે સમય પૂરો થવાની પહેલાં સમાપ્ત કરી લો છો, તો તમે આ વિભાગના તમારા કાર્યને તપાસી શકો છો, પરંતુ તમે કોઈપણ અન્ય વિભાગ પર જઈ શકતાં નથી.

તમારી ટેસ્ટ બુકમાં તમે જ્યાં તમારું જવાબ પત્રક દાખલ કર્યું છે તે પૃષ્ઠ ખોલો. તમારા જવાબ પત્રક પરના પૃષ્ઠ 3 પર વિભાગ 2 જુઓ (અથવા જો તમે મોટા-બ્લોકવાળા જવાબ પત્રકનો ઉપયોગ કરી રહ્યાં હોવ તો પૃષ્ઠ 11). તમારા જવાબ પત્રક અને ટેસ્ટ બુકને તમારા ડેસ્ક પર રાખો. પૃષ્ઠો પાછળ વાળશો નહીં. હવે, કૃપા કરીને તમારી ટેસ્ટ બુકમાં વિભાગ 2 પર જાઓ, નિર્દેશો વાંચો અને કાર્યની શરૂઆત કરો. સમય હવે શરૂ થાય છે.

*15 મિનિટ પછી, તમારા નિરીક્ષક કહેશે:*

આ વિભાગમાં તમારી પાસે 15 મિનિટનો સમય બાકી છે.

*25 મિનિટ પછી, તમારા નિરીક્ષક કહેશે:*

આ વિભાગમાં તમારી પાસે 5 મિનિટનો સમય બાકી છે.

*બરાબર 30 મિનિટ પછી, તમારા નિરીક્ષક કહેશે:*

કામ બંધ કરો અને તમારી પેન્સિલને નીચે મૂકી દો.

તમારા જવાબ પત્રકને તમારી ટેસ્ટ બુકમાં તે પૃષ્ઠ પર રાખો જ્યાં તમે કામ કરવાનું બંધ કર્યું છે. તમારી ટેસ્ટ બુક બંધ કરો.

### *1.2.2.1 વિભાગ 2 ટેસ્ટ બુકના દિશાનિર્દેશો*

*નીચે આપેલ અનુવાદ એ તમારી કસોટી પુસ્તિકાના વિભાગ 2 ની શરૂઆતમાં રહેલ નિર્દેશોનું અનુવાદ છે.*

---

**30 મિનિટ, 40 પ્રશ્નો (માનક સમય)**

**આ વિભાગમાં રહેલ પ્રશ્નોના જવાબ આપવા માટે તમારી જવાબ શીટના વિભાગ 2 પર જાઓ.**

**નિર્દેશો**

નીચેના દરેક ફકરાની સામે પ્રશ્નોનો નંબર છે. કેટલાક પ્રશ્નો માટે, તમે વિચારોની અભિવ્યક્તિને બહેતર બનાવવા માટે ફકરામાં સુધારો કેવી રીતે કરી શકાય તેને ધ્યાનમાં રાખશો. અન્ય પ્રશ્નો માટે, તમે વાક્ય રચના, ઉપયોગ અથવા વિરામચિહ્નોમાં ભૂલોને ઠીક કરવા માટે ફકરાને કેવી રીતે સંપાદિત કરી શકાય તેને ધ્યાનમાં રાખશો. કોઈ ફકરા અથવા પ્રશ્નની સાથે એક અથવા વધુ ગ્રાફિક્સ (જેમ કે કોષ્ટક અથવા ગ્રાફ) હોઈ શકે છે જેને તમે નિર્ણયોમાં ફેરફાર અને સંપાદન કરવા માટે ધ્યાનમાં લેશો.

કેટલાક પ્રશ્નો તમને ફકરાના કોઈ રેખાંકિત ભાગ તરફ દોરી જશે. અન્ય પ્રશ્નો તમને ફકરામાં કોઈ સ્થાન તરફ દોરશે અથવા તમને પૂરા ફકરા વિશે વિચાર કરવા માટે કહેશે.

દરેક ફકરો વાંચ્યા પછી, દરેક પ્રશ્નનો જવાબ પસંદ કરો કે જે ફકરામાં લેખનની ગુણવત્તાને વધુ અસરકારક રીતે બહેતર બનાવે છે અથવા જે ફકરાને માનક લેખન અંગ્રેજીના સિદ્ધાંતોને અનુરૂપ બનાવે છે. ઘણા પ્રશ્નોમાં "કોઈ ફેરફાર નહીં" વિકલ્પ શામેલ નથી. જો તમને લાગતું હોય કે શ્રેષ્ઠ વિકલ્પ ફકરાના સંબંધિત ભાગને જેમ છે તેમ છોડવો એ છે, તો તે વિકલ્પ પસંદ કરો.

---

### 1.2.3 વિભાગ 3: ગણિતની કસોટી – કોઈ કેલ્ક્યુલેટર નહીં

*વિભાગ 3 માટેનો માનક સમય **20 મિનિટ** છે, જેમાં વિભાગના અંતે **5-મિનિટનો વિરામ** છે. જો તમે મંજૂર સ્થાન પર ટેસ્ટ આપી રહ્યાં હોવ, તો તમારો સમય અને વિરામ અલગ હોઈ શકે છે. કૃપા કરીને તમારા નિરીક્ષક દ્વારા વંચાતી ઘોષણાઓ ધ્યાનપૂર્વક સાંભળો. ટેસ્ટ બુકના દિશાનિર્દેશોનો અનુવાદ એ અનુવાદિત બોલાયેલા દિશાનિર્દેશો પ્રમાણે દેખાય છે.*

*દરેક વ્યક્તિ તૈયાર હોય, તો તમારા નિરીક્ષક કહેશે:*

એકવાર શરૂ કરી લેવા પર, તમારી પાસે વિભાગ 3, ગણિતની કેલ્ક્યુલેટર વિનાની ટેસ્ટ પર કામ કરવા માટે 20 મિનિટનો સમય હશે. આ વિભાગ સમાપ્ત થઈ જવા પર અમે 5-મિનિટનો વિરામ લઈશું.

જો કે આ ગણિતની ટેસ્ટનો ભાગ છે, તમને કેલ્ક્યુલેટરને ઉપયોગમાં લેવાની મંજૂરી આપવામાં નહીં આવે સિવાય કે તમે ફોર-ફંક્શન કેલ્ક્યુલેટરને ઉપયોગમાં લેવાની મંજૂરી મેળવી હોય. અન્યથા, કૃપા કરીને તમારા કેલ્ક્યુલેટરને તમારા ડેસ્કની નીચે રાખો.

તમારી ટેસ્ટ બુકમાં તમે જ્યાં તમારું જવાબ પત્રક દાખલ કર્યું છે તે પૃષ્ઠ ખોલો. તમારા જવાબ પત્રક પરના પૃષ્ઠ 3 પર વિભાગ 3 જુઓ (અથવા જો તમે મોટા-બ્લોકવાળા જવાબ પત્રકનો ઉપયોગ કરી રહ્યાં હોવ તો પૃષ્ઠ 13). તમારા જવાબ પત્રક અને ટેસ્ટ બુકને તમારા ડેસ્ક પર રાખો. પૃષ્ઠો પાછળ વાળશો નહીં. તમારા જવાબોને ક્રમાંકિત ખાલી જગ્યામાં માર્ક કરવાની ખાતરી કરો, કે જે વિભાગ 3 માં સંખ્યાત્મક ટેસ્ટના પ્રશ્નોને અનુરૂપ છે. તમારી ટેસ્ટ બુકમાં વિદ્યાર્થી-નિર્મિત જવાબો લેબલ ધરાવતાં પ્રશ્નોના તમારા જવાબોને કેવી રીતે ગ્રિડ કરવા તે માટેના દિશાનિર્દેશો. આ પ્રશ્નોના જવાબ નાના હોઈ શકે છે પરંતુ 4 અક્ષરથી વધુ હોઈ શકતા નથી.

જો તમે સમય પૂરો થવાની પહેલાં સમાપ્ત કરી લો છો, તો તમે આ વિભાગના તમારા કાર્યને તપાસી શકો છો, પરંતુ તમે કોઈપણ અન્ય વિભાગ પર જઈ શકતાં નથી.

હવે, કૃપા કરીને તમારી ટેસ્ટ બુકમાં વિભાગ 3 પર જાઓ, નિર્દેશો વાંચો અને કાર્યની શરૂઆત કરો. સમય હવે શરૂ થાય છે.

*10 મિનિટ પછી, તમારા નિરીક્ષક કહેશે:*

આ વિભાગમાં તમારી પાસે 10 મિનિટનો સમય બાકી છે.

*15 મિનિટ પછી, તમારા નિરીક્ષક કહેશે:*

આ વિભાગમાં તમારી પાસે 5 મિનિટનો સમય બાકી છે.

*બરાબર 20 મિનિટ પછી, તમારા નિરીક્ષક કહેશે:*

કામ બંધ કરો અને તમારી પેન્સિલને નીચે મૂકી દો.

તમારા જવાબ પત્રકને તમારી ટેસ્ટ બુકમાં તે પૃષ્ઠ પર રાખો જ્યાં તમે કામ કરવાનું બંધ કર્યું છે. તમારી ટેસ્ટ બુક બંધ કરો. હવે તમારી પાસે વિરામનો થોડો સમય હશે. વિરામ દરમિયાન કસોટીના પ્રશ્નોની ચર્ચા કરવી નહીં અથવા પરવાનગી વગર પરીક્ષા ખંડ છોડવો નહીં.
અમે બરાબર 5 મિનિટમાં ફરી કસોટી શરૂ કરીશું.

### 1.2.3.1 *વિરામ દરમિયાન*

*વિરામના અંતે, તમારા નિરીક્ષક કહેશે:*

તમારી બેઠક લો. જ્યાં સુધી હું તમને કસોટી પુસ્તિકાને ખોલવા ન કહું ત્યાં સુધી તમારે તેને ખોલવી નહીં.

### 1.2.3.2 *વિભાગ 3 ટેસ્ટ બુકના દિશાનિર્દેશો*

*નીચે આપેલ અનુવાદ એ તમારી કસોટી પુસ્તિકાના વિભાગ 3 ની શરૂઆતમાં રહેલ નિર્દેશોનું અનુવાદ છે.*

---

**20 મિનિટ, 13 પ્રશ્નો (માનક સમય)**

**આ વિભાગમાં રહેલ પ્રશ્નોના જવાબ આપવા માટે તમારી જવાબ શીટના વિભાગ 3 પર જાઓ.**

**નિર્દેશો**

**પ્રશ્નો 1-10 માટે**, દરેક સમસ્યાને ઉકેલો, પ્રદાન કરેલ વિકલ્પોમાંથી શ્રેષ્ઠ જવાબ પસંદ કરો અને તમારી જવાબ શીટ પર અનુરૂપ વર્તુળને ભરો. **પ્રશ્નો 11-13 માટે**, દરેક પ્રશ્નને ઉકેલો અને જવાબ પત્રક પર રહેલ ગ્રિડમાં તમારો જવાબ દાખલ કરો. ગ્રિડમાં તમારા જવાબો કેવી રીતે દાખલ કરવા તે વિશે કૃપા કરીને પ્રશ્ન 11 પહેલાં આપેલા નિર્દેશોનો સંદર્ભ લો. તમે સ્કેચ વર્ક માટે તમારી કસોટી પુસ્તિકામાં રહેલ કોઈપણ ઉપલબ્ધ જગ્યાનો ઉપયોગ કરી શકો છો.

**નોંધ**

1. કેલ્ક્યુલેટરના ઉપયોગની **મંજૂરી નથી.**
2. ઉપયોગમાં લેવાયેલ તમામ ચલ અને પદાવલિઓ વાસ્તવિક સંખ્યાઓને રજૂ કરે છે જ્યાં સુધી અન્યથા સૂચવેલ ન હોય.
3. આ કસોટીમાં આપવામાં આવેલ આકૃતિઓ સ્કેલ પર તૈયાર કરવામાં આવે છે જ્યાં સુધી અન્યથા સૂચવેલ ન હોય.
4. બધી આકૃતિઓ એક સપાટી પર રહે છે જ્યાં સુધી અન્યથા સૂચવેલ ન હોય.
5. જ્યાં સુધી સૂચવવામાં ન આવે ત્યાં સુધી, આપેલ વિધેય $f$ નો ડોમેન એ બધી વાસ્તવિક સંખ્યાઓ $x$ નો ગણ છે, જે માટે $f(x)$ એક વાસ્તવિક સંખ્યા છે.

**સંદર્ભ**




$A = \pi r^2$
$C = 2\pi r$

$A = \ell w$

$A = \frac{1}{2}bh$

$c^2 = a^2 + b^2$

વિશેષ કાટખૂણાંઓ




$V = \ell wh$

$V = \pi r^2 h$

$V = \frac{4}{3}\pi r^3$

$V = \frac{1}{3}\pi r^2 h$

$V = \frac{1}{3}\ell wh$

વર્તુળમાં ચાપના અંશની સંખ્યા 360 છે.

વર્તુળમાં ચાપના ત્રિજ્યાકોણની સંખ્યા $2\pi$ છે.

ત્રિકોણના કોણના અંશમાં માપનો સરવાળો 180 છે.

## નિર્દેશો

**11-13 પ્રશ્નો માટે,** પ્રશ્નને ઉકેલો અને જવાબ પત્રક પર નીચે વર્ણવ્યાં મુજબ તમારા જવાબને ગ્રિડમાં દાખલ કરો.

1. આવશ્યક ન હોવા છતાં, સૂચવવામાં આવે છે કે તમે બબલને ચોક્કસપણે ભરવામાં મદદ માટે કૉલમ્સની ટોચ પર રહેલ બૉક્સમાં તમારો જવાબ લખો. બબલને યોગ્ય રીતે ભરવા પર જ તમને ક્રેડિટ પ્રાપ્ત થશે.

2. કોઈપણ કૉલમમાં કોઈ એકથી વધુ બબલને ચિહ્નિત કરવા નહીં.

3. કોઈ પ્રશ્નનો નકારાત્મક જવાબ નથી.

4. કેટલાક પ્રશ્નોમાં એક કરતાં વધુ સાચા જવાબ હોઈ શકે છે. આવા કિસ્સામાં, ગ્રિડમાં ફક્ત એક જ જવાબ આપો.

5. **મિશ્ર નંબરો** જેમ કે $3\frac{1}{2}$ 3.5 અથવા 7/2 તરીકે ગ્રિડ કરવા આવશ્યક છે. (જો 

ગ્રિડમાં દાખલ કરવામાં આવે, તો તેનું અર્થઘટન $\frac{31}{2}$, નહીં તરીકે કરવામાં આવશે $3\frac{1}{2}$.)

6. **દશાંશ જવાબો:** જો તમે ગ્રિડમાં આવી શકે તેના કરતાં વધુ અંકોનો દશાંશ જવાબ મેળવો છો, તો તે શૂન્યાંત અથવા કાપવામાં આવી શકે છે, પરંતુ તેણે સંપૂર્ણ ગ્રિડને ભરવાનું રહેશે.

**જવાબ: $\frac{7}{12}$**




**જવાબ: 2.5**




**$\frac{2}{3}$ ગ્રિડ માટેની સ્વીકાર્ય રીત છે:**




**જવાબ: 201 - કોઈ એક સ્થાન સાચું છે**




નોંધ:
તમે તમારા જવાબો કોઈપણ કૉલમમાં શરૂ કરી શકો છો, જગ્યા અનુસાર. તમને જરૂર ન હોય તે કૉલમ્સ ખાલી છોડવા જોઈએ.

## 1.2.4 વિભાગ 4: ગણિતની કસોટી – કેલ્ક્યુલેટર

*વિભાગ 4 માટેનો માનક સમય **40 મિનિટ** છે. જો તમે મંજૂર સ્થાન પર ટેસ્ટ આપી રહ્યાં હોવ, તો તમારો સમય અને વિરામ અલગ હોઈ શકે છે. કૃપા કરીને તમારા નિરીક્ષક દ્વારા વંચાતી ઘોષણાઓ ધ્યાનપૂર્વક સાંભળો. ટેસ્ટ બુકના દિશાનિર્દેશોનો અનુવાદ એ અનુવાદિત બોલાયેલા દિશાનિર્દેશો પ્રમાણે દેખાય છે.*

*વિદ્યાર્થીઓ તૈયાર હોય ત્યારે તમારા નિરીક્ષક કહેશે:*

આ કસોટીનો અંતિમ વિભાગ છે—તમે લગભગ પૂર્ણ કરી લીધું છે! એકવાર શરૂ કરી લેવા પર, તમારી પાસે વિભાગ 4, કેલ્ક્યુલેટર સાથે ગણિતની કસોટી પર કામ કરવા માટે 40 મિનિટનો સમય હશે.

આ વિભાગ માટે તમે તમારા કેલ્ક્યુલેટરનો ઉપયોગ કરી શકો છો; કૃપા કરીને હવે તમારા ડેસ્કટૉપ પર તમારા કેલ્ક્યુલેટરને મૂકો. કેલ્ક્યુલેટરનો ઉપયોગ કરતી વખતે, કૃપા કરીને આ દિશાનિર્દેશોનું પાલન કરો:

- તેને તમારા ડેસ્ક પર મૂકી દો અથવા તેને પકડી રાખો જેથી અન્ય વિદ્યાર્થીઓ તમારા કાર્યને જોઈ ન શકે.
- બીજા કોઈની સાથે તમારા કેલ્ક્યુલેટરને શેર અથવા અદલાબદલી કરશો નહીં.
- જો તમે બેકઅપ કેલ્ક્યુલેટર અથવા બેટરી લાવ્યાં હોવ, તો તેમને તમારા ડેસ્કની નીચે ફ્લોર પર રાખો.
- જો તમારું કેલ્ક્યુલેટર ઠીકથી કામ ના કરે અને તમારી પાસે બેટરી અથવા બેકઅપ કૅલ્ક્યુલેટર હોય, તો તમારો હાથ ઉઠાવો. હું તમને મદદ કરવા માટે આવીશ. જો તમારી પાસે બેકઅપ નથી, તો કસોટી ચાલુ રાખો. ગણિતના બધા પ્રશ્નોનો જવાબ કેલ્ક્યુલેટર વિના આપી શકાય છે.

તમારી ટેસ્ટ બુકમાં તમે જ્યાં તમારું જવાબ પત્રક દાખલ કર્યું છે તે પૃષ્ઠ ખોલો. તમારા જવાબ પત્રક પરના પૃષ્ઠ 3 પર વિભાગ 4 જુઓ (અથવા જો તમે મોટા-બ્લોકવાળા જવાબ પત્રકનો ઉપયોગ કરી રહ્યાં હોવ તો પૃષ્ઠ 15). તમારા જવાબ પત્રક અને ટેસ્ટ બુકને તમારા ડેસ્ક પર રાખો. પૃષ્ઠો પાછળ વાળશો નહીં. તમારા જવાબોને ક્રમાંકિત ખાલી જગ્યામાં માર્ક કરવાની ખાતરી કરો, કે જે વિભાગ 4 માં સંખ્યાત્મક ટેસ્ટના પ્રશ્નોને અનુરૂપ છે. તમારી ટેસ્ટ બુકમાં વિદ્યાર્થી-નિર્મિત જવાબો લેબલ ધરાવતાં પ્રશ્નોના તમારા જવાબોને કેવી રીતે ગ્રિડ કરવા તે માટેના દિશાનિર્દેશો. આ પ્રશ્નોના જવાબ નાના હોઈ શકે છે પરંતુ 4 અક્ષરથી વધુ હોઈ શકતા નથી.

જો તમે સમય પૂરો થવાની પહેલાં સમાપ્ત કરી લો છો, તો તમે આ વિભાગના તમારા કાર્યને તપાસી શકો છો, પરંતુ તમે કોઈપણ અન્ય વિભાગ પર જઈ શકતાં નથી.

હવે, કૃપા કરીને તમારી ટેસ્ટ બુકમાં વિભાગ 4 પર જાઓ, નિર્દેશો વાંચો અને કાર્યની શરૂઆત કરો. સમય હવે શરૂ થાય છે.

*20 મિનિટ પછી, તમારા નિરીક્ષક કહેશે:*

આ વિભાગમાં તમારી પાસે 20 મિનિટનો સમય બાકી છે.

*35 મિનિટ પછી, તમારા નિરીક્ષક કહેશે:*

આ વિભાગમાં તમારી પાસે 5 મિનિટનો સમય બાકી છે.

*બરાબર 40 મિનિટ પછી, તમારા નિરીક્ષક કહેશે:*

કામ બંધ કરો અને તમારી પેન્સિલને નીચે મૂકી દો.

તમારી જવાબ શીટ બંધ કરો જેથી પૃષ્ઠ 1 ટોચ પર રહે. તમારી કસોટી પુસ્તિકાને બંધ કરો અને તેને તમારી જવાબની શીટની ટોચ પર મૂકો.

અભિનંદન—તમે હમણાં જ કસોટી સમાપ્ત કરી! હું તમને બરતરફ ન કરી દઉં ત્યાં સુધી કૃપા કરીને તમારી જગ્યા પર બેસી રહો.

### *1.2.4.1 વિભાગ 4 ટેસ્ટ બુકના દિશાનિર્દેશો*

*નીચે આપેલ અનુવાદ એ તમારી કસોટી પુસ્તિકાના વિભાગ 4 ની શરૂઆતમાં રહેલ નિર્દેશોનું અનુવાદ છે.*

---

**40 મિનિટ, 25 પ્રશ્નો (માનક સમય)**

**આ વિભાગમાં રહેલ પ્રશ્નોના જવાબ આપવા માટે તમારી જવાબ શીટના વિભાગ 4 પર જાઓ.**

**નિર્દેશો**

**પ્રશ્નો 1-21 માટે,** દરેક સમસ્યાને ઉકેલો, પ્રદાન કરેલ વિકલ્પોમાંથી શ્રેષ્ઠ જવાબ પસંદ કરો અને તમારી જવાબ શીટ પર અનુરૂપ વર્તુળને ભરો. **પ્રશ્નો 22-25 માટે,** દરેક પ્રશ્નને ઉકેલો અને જવાબ પત્રક પર રહેલ ગ્રિડમાં તમારો જવાબ દાખલ કરો. ગ્રિડમાં તમારા જવાબો કેવી રીતે દાખલ કરવા તે વિશે કૃપા કરીને પ્રશ્ન 22 પહેલાં આપેલા નિર્દેશોનો સંદર્ભ લો. તમે સ્કેચ વર્ક માટે તમારી કસોટી પુસ્તિકામાં રહેલ કોઈપણ ઉપલબ્ધ જગ્યાનો ઉપયોગ કરી શકો છો

**નોંધ**

1. કેલ્ક્યુલેટરનો ઉપયોગ કરવાની **પરવાનગી છે.**
2. ઉપયોગમાં લેવાયેલ તમામ ચલ અને પદાવલિઓ વાસ્તવિક સંખ્યાઓને રજૂ કરે છે જ્યાં સુધી અન્યથા સૂચવેલ ન હોય.
3. આ કસોટીમાં આપવામાં આવેલ આકૃતિઓ સ્કેલ પર તૈયાર કરવામાં આવે છે જ્યાં સુધી અન્યથા સૂચવેલ ન હોય.
4. બધી આકૃતિઓ એક સપાટી પર રહે છે જ્યાં સુધી અન્યથા સૂચવેલ ન હોય.
5. જ્યાં સુધી સૂચવવામાં ન આવે ત્યાં સુધી, આપેલ વિધેય $f$ નો ડોમેન એ બધી વાસ્તવિક સંખ્યાઓ $x$ નો ગણ છે, જે માટે $f(x)$ એક વાસ્તવિક સંખ્યા છે.

**સંદર્ભ**




$A = \pi r^2$ $C = 2\pi r$ $A = \ell w$ $A = \frac{1}{2}bh$ $c^2 = a^2 + b^2$

વિશેષ કાટખૂણાંઓ




$V = \ell wh$ $V = \pi r^2 h$ $V = \frac{4}{3}\pi r^3$ $V = \frac{1}{3}\pi r^2 h$ $V = \frac{1}{3}\ell wh$

વર્તુળમાં ચાપના અંશની સંખ્યા 360 છે.

વર્તુળમાં ચાપના ત્રિજ્યાકોણની સંખ્યા 2π છે.

ત્રિકોણના કોણના અંશમાં માપનો સરવાળો 180 છે.

## નિર્દેશો

**22-25 પ્રશ્નો માટે**, પ્રશ્નને ઉકેલો અને જવાબ પત્રક પર નીચે વર્ણવ્યાં મુજબ તમારા જવાબને ગ્રિડમાં દાખલ કરો.

1. આવશ્યક ન હોવા છતાં, સૂચવવામાં આવે છે કે તમે વર્તુળોને ચોક્કસપણે ભરવામાં મદદ માટે કૉલમ્સની ટોચ પર રહેલ બૉક્સમાં તમારો જવાબ લખો. વર્તુળોને યોગ્ય રીતે ભરવા પર જ તમને ક્રેડિટ પ્રાપ્ત થશે.
2. કોઈપણ કૉલમમાં કોઈ એકથી વધુ વર્તુળને ચિહ્નિત કરવા નહીં.
3. કોઈ પ્રશ્નનો નકારાત્મક જવાબ નથી.
4. કેટલાક પ્રશ્નોમાં એક કરતાં વધુ સાચા જવાબ હોઈ શકે છે. આવા કિસ્સામાં, ગ્રિડમાં ફક્ત એક જ જવાબ આપો.
5. **મિશ્ર નંબરો** જેમ કે $3\frac{1}{2}$ ને 3.5 અથવા 7/2 તરીકે ગ્રિડ કરવા આવશ્યક છે. (જો  ગ્રિડમાં દાખલ કરવામાં આવે, તો તેનું અર્થઘટન $\frac{31}{2}$, નહીં તરીકે કરવામાં આવશે $3\frac{1}{2}$.)
6. **દશાંશ જવાબો:** જો તમે ગ્રિડમાં આવી શકે તેના કરતાં વધુ અંકોનો દશાંશ જવાબ મેળવો છો, તો તે શૂન્યાંત અથવા કાપવામાં આવી શકે છે, પરંતુ તેણે સંપૂર્ણ ગ્રિડને ભરવાનું રહેશે.




**$\frac{2}{3}$ ગ્રિડ માટેની સ્વીકાર્ય રીત છે:**



**જવાબ: 201 - કોઈ એક સ્થાન સાચું છે**



નોંધ:
તમે તમારા જવાબો કોઈપણ કૉલમમાં શરૂ કરી શકો છો, જગ્યા અનુસાર. તમને જરૂર ન હોય તે કૉલમ્સ ખાલી છોડવા જોઈએ.

# 2 ટેસ્ટ પછી

## 2.1 બરતરફી

### 2.1.1 ટેસ્ટ બુક્સ અને અન્ય ટેસ્ટ સામગ્રી એકત્રિત કરવી

*દરેક વ્યક્તિ તૈયાર હોય, તો તમારા નિરીક્ષક કહેશે:*

- હવે હું તમારી કસોટી પુસ્તિકાઓને એકત્રિત કરીશ. કૃપા કરીને તમારા ડેસ્ક પર તમારા જવાબ પત્રકને સીધું રાખો અને શાંતિથી બેસો.

*MP3 અથવા ATC વપરાશકર્તાઓને, તમારા નિરીક્ષક કહેશે:*

- હવે હું તમારી ફ્લેશ ડ્રાઇવ્સ એકત્રિત કરીશ.

### 2.1.2 સમાપ્ત કરવું

*જવાબ પત્રક પર જે વિદ્યાર્થીઓને તેમની ઓળખાણ માહિતી પૂર્ણ કરવાની છે, તમારા નિરીક્ષક કહેશે:*

- હું અન્ય વિદ્યાર્થીઓને બરતરફ કરું ત્યાં સુધી કૃપા કરીને શાંતિથી બેસો. ત્યારબાદ હું જવાબની શીટ પર તમારી વ્યક્તિગત માહિતીને ભરવામાં તમારું માર્ગદર્શન કરીશ. જ્યાં સુધી તે માહિતી પૂર્ણ ન થાય ત્યાં સુધી હું તમને બરતરફ કરી નહીં શકું.

### 2.1.3 જવાબ પત્રકો એકત્રિત કરવા

*જે વિદ્યાર્થીઓના જવાબ પત્રક પૂરા થઈ ગયા હોય, તેમને તમારા નિરીક્ષક કહેશે:*

- હવે હું તમારી જવાબની શીટ્સ એકત્રિત કરીશ. હું તમને બરતરફ ન કરું ત્યાં સુધી કૃપા કરીને શાંતિથી બેસો.

#### *2.1.3.1 વિદ્યાર્થીઓને બહાર કરતા પહેલા*

*છેવટે, બધી સામગ્રીઓ આ માટે જવાબદાર છે, તમારા નિરીક્ષક કહેશે:*

- બસ થોડીવાર, હું તમને જવા દઈશ. યાદ રાખો: તમારે કોઈપણ સંજોગોમાં, પરીક્ષા ખંડમાંથી કોઈપણ ટેસ્ટના પ્રશ્નો લેવા અથવા ઇમેઇલ, ટેક્સ્ટ સંદેશા અથવા ઇન્ટરનેટ સહિત કોઈપણ માધ્યમથી કોઈની પણ સાથે તેમની ચર્ચા કરવી જોઈએ નહીં.

  જો તમારી ઉંમર ઓછામાં ઓછી 13 વર્ષ હોય તો તમારા સ્કોર્સ ક્યારે ઉપલબ્ધ થવાના છે અને તમારા સંપૂર્ણ સ્કોરની રિપોર્ટને ઑનલાઇન કેવી રીતે ઍક્સેસ કરવી તે અંગે તમારી શાળા તમને જણાવશે. જો તમારી ઉંમર 13 વર્ષ કરતાં વધુ હોય, તો તમે તમારા ટેસ્ટના વિશિષ્ટ પરિણામોના આધારે વ્યક્તિગત અભ્યાસ માટે ખાન એકેડેમી સાથે પણ લિંક કરી શકશો.

  કસોટી હવે પૂર્ણ થઈ ગઈ છે. ફરી અભિનંદન અને તમારી સહભાગિતા અને તમારા તમામ સખત પરિશ્રમ બદલ આભાર. હવે તમે તમારો સામાન લેવા અને ખંડને છોડવા માટે મુક્ત છો.